સાલ : ૧૮ / સિલસિલાવાર નંબર : ૧૫૮ / શુમારો : ૨

بسم الله الرحمن الرحيم

ફુલ પાના - ૧૬

مشكوة الهادي

MISHKAAT UL HAADI

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા. રબીઉલ અવ્વલ - રબીઉલ આખર ૧૪૪૨ / નવેમ્બર - ડીસેમ્બર ૨૦૨૦

# મુમિનનો આઈનો

અઈમ્મતે તાહેરીન (અ.સ.) ફરમાવે છે કે, "આઈનાના સબબ કોઈ પણ શખ્સ તેના સામે ઊભો રહીને પોતાના જિસ્મનું અક્સ જોઈ શકે છે. તેના ચહેરા-જિસ્મની કેફીયત જાણી શકે છે. પણ અય મુમેનીન! દુનિયા માંથી રૂખ્સત લેતા પહેલા તમને જે તોશો તૈયાર કરવાનો છે, તેનો તઅલ્લુક જિસ્મ સાથે નથી પણ નફસ સાથે છે. તમેં નફસના આઈનામા ઝાંખીને જોવ તો બહુ-બધી ખૂબીઓ અને બહુ-બધી ખામીઓ નઝર આવશે. તમારા માંથી આકિલ શખ્સ તે છે કે, જે પોતાની ખામીઓ પર નઝર નાંખે. **દુનિયા તમારી નફસાની ખામીઓને મિટાવવાનું ઘર છે.** દુનિયા માંથી તમારી સવારી જે વક્ત આખેરત તરફ જાય તો નફસનો આઈનો ચોખ્ખો હોવો જોઈએ. ફાની જિસ્મની ખુબસૂરતી હર કોઈ ચાહે છે, મગર આખેરતમાં તો ફક્ત બાકી નફ્સની ખૂબસૂરતીની કીમત અને ઈઝ્ઝત છે."

મુમિન પોતાની નફસનો આઈનો જે વક્ત જોઈ તો તેમાં આ ૬ ચીઝો બિલ-વાજિબ નઝર આવવી જોઈએ. તે છે, ૧) તૌહીદ, ૨) અનફ્ત-પરહેઝગારી, ૩) ખિદમત, ૪) નદામત, ૫) ખુઝૂઅ અને ૬) બંદગી. આ ચીઝોની તફસીલ આ મુજબ છે.

**૧) તૌહીદ** - અલ્લાહતઆલા અને તેની દાઅવતના સાહેબની એકોકારી પર ઈમાન લાવવું. અલ્લાહ એક છે, તો તેના તરફથી આ જહાનમાં તેની નસ્સના સાહેબ પણ હર ઝમાનમાં એક જ હોય. રૂહાની દરજાના હર સાહેબમાં આ તૌહીદનો કાનૂન લાગુ પડે છે, નબીથી લઈને મુકાસિર તક.

**૨) અનફત** - દુનિયાની ગૈર-ઝરૂરી ચીઝો અને રાહતોથી દૂરી, પરહેઝી અને બેપરવાહી. અલ્લાહતઆલાએ આ દુનિયા સફર-બસર કરવા વાસ્તે બનાવી છે. ઝિંદગી ગુઝારવા વાસ્તે તેને થોડી અપનાવવી તો પડશે. તેના અસ્બાબ અને પૈદાવારના વપરાશ બગૈર એક ડગલું પણ આગલ ભરી શકાય નહીં. પણ મુમિન વાસ્તે તે દવા મુજબ છે. **દવા થોડી હોય અને બીમારી વાસ્તે કારગાર હોય.** આ દુનિયા નફસને સુધારવા વાસ્તે દવા તરીકે એક ઉમ્દા નુસ્ખો છે. તે વાસ્તે ઝરૂરી ચીઝોને લેવાથી જ નફસાની મરઝ દૂર થાય છે. નહીં તો, મરઝ ઓર શદીદ અને ખતરનાક થઈ જાય છે.

**૩) ખિદમત** - જેમ એક હાર ગલાની ખૂબસૂરતીમાં ઈઝાફો કરે છે, તેમ ખિદમત, નફસની ખૂબસૂરતીમાં વધારો કરે છે. ખિદમત કરવી હર કોઈના બસની વાત નથી. વાલેદૈનની ખિદમત મિલવી તે દુનિયાની તમામ નેઅમતો કરતા આઅલા છે. વાલેદૈનની દોઆ નફસની નજાત વાસ્તે કાફી છે. દાઈએ હક્કની ખિદમત તમામ બીજી ખિદમતોને પોતાનામાં સમાવી લે છે. કેમકે, **દાઇએ હક્ક જિસ્માની વાલેદૈનના પણ રૂહાની વાલેદૈન થાય.** આ બેવે વાલેદૈનની ખિદમત કરવી મુમિન પર લાઝિમ છે. ફક્ત જિસ્માની વાલેદૈનની ખિદમત કરવાથી રૂહાની દરજા મિલતા નથી. ખિદમત વાસ્તે નફસની ખ્વાહેશાતને મારવી પડે છે અને મુમિનને મોમ થાવું પડે છે.

**૪) નદામત** - ખૈર કામ જે વક્ત થાય તે વક્ત શાબાશી મિલે અને હોંસલા-અફઝાઈ થાય. કેમકે, જે વક્ત તે કામમાં સર્ફ થયો તેનો બહેતર નતીજો આઁખોના સામે દેખાય છે. શર કામ જે વક્ત થાય અને એમ ખયાલ આવે કે, આ ખોટું થયું છે, (બકીયાહ પેજ નં. ૨ પર)

**બુઝુર્ગોને નેઅમત સમઝી તેમની ઈઝ્ઝત કરવી, રોઝીનો એક સબબ છે.**

(પેજ નં. ૧ નું બાકી)

તે વક્ત નદામત અને શરમિંદગીનો અહેસાસ થાય. તે વક્ત બરબાદ થયો કહેવાય અને ખરાબ નતીજો નઝર સામે ઊભો હોય. **દિલમાં નદામત હોય તો ઝબાન પર મુઆફી અને તૌબાની દોઆ આવે.** જો નદામત સાથે તૌબા શરીક ના હોય તો શર અને ખરાબી દોબારહ સરઝદ થઈ શકે છે.

**૫) ખુઝૂઅ** - હર અમલ વાસ્તે દિલ અને નિય્યતની પાકી હોવી લાઝિમ છે. ખુઝૂઅ ના હોય તો નફસની ઝમીન બંજર લાગે. નફસની વીરાનીને દૂર કરવા ખુઝૂઅનું પાની લાઝિમ છે.

**૬) બંદગી** - આ દુનિયા વુજૂદમાં આવી તે વક્ત બંદગીની શિકલો સૂરત પૈદા થઈ. જેમ જેમ વક્ત ગુઝરતો ગયો તેમ તેમ બંદગીની લવાઝેમત બદલાતી ગઈ. હર નબીએ પોતાની ઉમ્મતને અલ્લાહતઆલાની બંદગી કરવાના તૌર-તરીકા શીખાવા. જે સાહેબ નબીના દરજા પર ફાઈઝ થાવાના હોય છે, તે પહેલા એક પરહેઝગાર બંદા હોય છે. બંદા હોવાના નાતે એ બંદગી કરે છે. બંદગી ઉર્દૂ લફઝ છે જેને અરબીમાં ઈબાદત કહે છે. મુમિન અલ્લાહતઆલા વાસ્તે પૂરી ઝિંદગી પણ બંદગી કરે, તે કમ છે. અલ્લાહતઆલાની હઝરતમાં નમાઝ, દોઆ, મુનાજાત, તસ્બીહ, ઝુકવું, તિલાવત, નૈકી, જેહાદ, આ તમામ બંદગીમાં શુમાર છે. બંદગી કરવા વાસ્તે કોઈ ખાસ વક્તની ઝરૂરત નથી પડતી. બસ એ છે કે, મુમિનનું દિલ પોતાના ખાલિક તરફ રગબત રાખનાર જોઈએ અને એ તે મુજબ અમલ કરતો હોવા જોઈએ કે, ગોયા અમલ અલ્લાહ તરફ આસમાનમાં ચઢે છે અને તે અમલ સાથે એના દરજાઓ પણ વધે છે. ✮

---

(પેજ નં. ૭ નું બાકી)

મૌ. સાર્રહ જબ્બાર બાદશાહના મહેલમાં ગયા અને બીજી તરફ મૌ. ઈબ્રાહીમ નબી ઈબાદત અને દોઆમાં બારગાહે ઈલાહીમાં મશ્ગૂલ થયા. જે વક્ત મૌ. સાર્રહ તે જબ્બારની મજલિસમાં જઈને પોતાની શનાખ્ત આપી અને જબ્બારે આપના હુસ્નો જમાલને જોયો તે વક્ત તે પોતાની ઝાત પર કાબૂ ના રાખી શકો. નિગાહે બદથી અને નિય્યતે ખબીસહથી તેએ આપ તરફ હાથને દરાઝ કીધો. તે વક્ત મૌ. ઈબ્રાહીમનો મોઅજિઝો ઝાહિર થયો અને તે જબ્બારનો હાથ સુકાઈ ગયો.

જબ્બાર ડરી ગયો. અપાહિજ થયેલા હાથને પકડીને કાલાવાલા કરવા લાગો કે, અય બૈરો! તમેં તમારા ખુદાને દોઆ કરો કે, મારો આ હાથ પહેલાની જેમ ઝિંદા કરી દે, બરાબર કરી દે. તમેં મને મુઆફ કરો. હું મીઆદ આપું છું કે, મૈં તમને કોઈ તરહની મઝર્રત કે ઈઝા નહીં પહોંચાવું. મૌ. સાર્રહએ દોઆ કીધી તેથી તે જબ્બારનો હાથ બરાબર થઈ ગયો.

જબ્બારે તેની ખાદેમાઓને હુકમ કીધો કે, મૌ. સાર્રહને બૈરોના દીવાનખાનામાં લઈ જાય. તે જગા પર પણ તે જબ્બારે બદનિગાહ કીધી અને મૌ. સાર્રહ તરફ હાથને દરાઝ કીધો. બીજી વાર એ જ મુજબ હાથ જૂઠો થઈ ગયો. ખૂબ ઈલ્તેમાસ બાદ મૌ. સાર્રહએ દોઆ કીધી કે હાથ તેની અસલી હાલત પર આવી ગયો. આ તરહ બે વાર તેના હાથને ઈઝા પહોંચી. આના બાવુજૂદ બદબખ્તે તીસરી વાર પણ તે મુજબ ગુસ્તાખી કરવાની જુર્રત કીધી. તેનો હાથ લૂલો થઈ ગયો. બેહદ રોવા લાગો, મુઆફી માંગી અને કહ્યું કે, હવે મને અય બૈરો, તમારાથી કોઈ હાજિત નથી. હું તૌબા કરૂં છું. તમેં દોઆ કરો અને મને મારો હાથ બખ્શી દો. મૌ. સાર્રહએ પહેલા જેમ જ દોઆ કીધી અને તે જબ્બારનો હાથ જેવો હતો તેવો થઈ ગયો. ✮

**મુમિનની નિશાની એ છે કે, તે નાનામાં નાની ચીઝમાં ખૈરને તલાશ કરે છે અને તે મુજબ તેનાથી સબક હાસિલ કરે છે.**

**ગૈર અકીદાના લોગો સાથે મોહબ્બતનો રાબેતો રાખવો, રોઝીનો એક સબબ છે.**

## દરસે કુરઆને કરીમ

### સૂરતુલ બકરહ - ૨૧, ૨૨ અને ૨૩

૨૧) અય લોગો! તમેં બંદગી કરો, ઈબાદત કરો તમારા રબની કે જેએ તમને પૈદા કીધા અને તે લોગો જે તમારાથી પહેલે છે. શાયદ કે, તમેં મુત્તકી બનો. મુત્તકી બનવા વાસ્તેની પહેલી શરત ઈબાદત છે. જેમ લોગો સમઝે છે કે, ઈબાદત યાઅની નમાઝ જ, એમ નથી. ઈબાદતમાં અલ્લાહતઆલાની પૂરી તખ્લીક શામિલ થઈ જાય છે. હર કોઈ પોતાના તરઝો તરીકા, ઝબાનો લહેજામાં ઈબાદત કરે છે. ઈન્સાનની ફક્ત એકલી વાત નથી, મગર ઈબાદતને જિન્નાત પર પણ ફરઝ કરવામાં આવી છે. કોઈ પણ શખ્સ આ ઝમીન ઉપર પૈદા થાય તો તેને ઈબાદત કરવા સિવાય કોઈ છુટકો નથી.

કુરઆને કરીમમાં ફક્ત તમારા ઉપર નહીં મગર તમારા પહેલા તમામ ઉમ્મતો પર ઈબાદત ફરઝ કરવામાં આવી છે. એ ચીઝ અલાહેદા છે કે, હર મોટા નબીના ઝમાનમાં ઈબાદત કરવાના તરીકા જુદા-જુદા હતા. મુકમ્મલ તૌર પર ઈબાદતનું ફરમાન રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) ના ઝમાનમાં આવું. ફક્ત નમાઝ નહીં મગર મુમિનના હરએક તે અમલ કે, જે ખૈર પર હોય અને જેના વાસ્તે શરીઅતમાં રઝા હોય, તે તમામ ઈબાદતમાં શુમાર છે. ઈબાદત બે તરહની છેઃ **૧) ઈબાદતે ઈલ્મીયહ અને ૨) ઈબાદતે અમલીયહ.** ઈલ્મ અને અમલ સાથે મિલે તો પરહેઝગારીનો મકસદ બર આવે. આ બે માંથી કોઈ એકમાં કુસૂર હોય તો તમામ મહેનત બરબાદ થઈ જાય છે.
ઈલ્મ પઢા તો અમલ કરવું એને વાજિબ છે,

અમલ નથી તો તો ઈલ્મ પઢવું નામુનાસિબ છે.
ઈલ્મ ને સાથે અમલ કરવામાં ફઝીલત છે,
અમલ જો નથી તો બરબાદ સઘલી મહેનત છે.

૨૨) અલ્લાહતઆલાએ તમારા વાસ્તે ઝમીનને બિછોનું બનાવી છે અને આસ્માનને ઈમારત અને ઉતારૂં આસ્માનથી પાનીને. પછી નિકાલા તે પાનીથી મેવાઓને તમને રિઝક-રોઝી આપવા વાસ્તે. પછી તમેં ના બનાવો અલ્લાહતઆલા વાસ્તે હમસાયાઓને, હાલાંકે તમેં આ ચીઝનું ઈલ્મ રાખો છો. ઈન્સાનને તેના ઈલ્મો ફહેમમાં આ ચાર ચીઝો રાખવી જોઈએ. ઝમીન, આસ્માન, આસ્માનનું પાની અને ઝમીનની પૈદાવાર. આસ્માનનું પાની કે જે વરસાદની શિક્લમાં નાઝિલ થાય છે અને ઝમીની પૈદાવાર કે જે સબ્ઝી, મેવા, ફલ, ફૂલ અને દરખ્તોની શિક્લમાં થાય છે. ઈન્સાન આ તમામથી ફાયદો લે છે. આમાં જ તેને રોઝી-રિઝક મિલે છે. આ તમામ ચીઝો જાણવા બાવુજૂદ, શું ઈન્સાન અલ્લાહતઆલાને ભુલીને બીજાને પોતાના ખુદાઓ બનાવી શકે છે? આ તરહનો શિર્ક કરે તો ઝરૂર તેની અક્લ પર પડદા પડી ગયા કહેવાય.

આમ ફહેમથી જો નઝર કરવામાં આવે તો ઈમારત તે જ વક્ત મઝબૂત બની શકે છે યા તેનો ઢાઁચો સલામત રહી શકે છે કે, જે વક્ત ઝમીન બરાબર હોય. અપના તાવીલી બયાન એ મુજબ છે કે, આસ્માનના મમ્સૂલ રસૂલુલ્લાહ બાવાજી છે અને ઝમીનના મમ્સૂલ મૌ. અલી સાહેબે ઝુલ્ફિકાર છે. **નબી સાહેબની શરીઅત-દીનની ઈમારત બિના મૌ. અલીની વલાયતો ઉલ્ફતની ઝમીન પર ઉભેલી છે.** જો આ ઝમીન જ બરાબર ના હોય તો ઈમારતની દીને મોહંમદીની મઝબૂતીનો સવાલ જ ઊભો થાતો નથી.
(બકીયાહ પેજ નં. ૪ પર)

**હાજિતમંદ સવાલીને વક્ત પર મદદ કરવી, રોઝીનો એક સબબ છે.**

(પેજ નં. ૩ નું બાકી)

જેમ આસ્માન તેના નીચેની ઝમીનને ફૈઝ-ફાયદો પહોંચાવે છે, તેમ હર નબી પોતાના વસીને પૂરેપૂરો ફૈઝ પહોંચાવે છે. આ ફૈઝના લીધે જ એક વસી તેના મુઅલ્લિમ, મુરબ્બી અને ફાઝિલ નબી સાહેબના કાઈમ મકામ બની શકે છે. આ ફૈઝ આસ્માનથી નાઝિલ કરવામાં આવતું પાની છે. પાનીના અસરથી ઝમીનમાં અનાજ અને ફલ ઉગે છે. આ પૈદાવાર ઝમીનવાલાઓ વાસ્તે રોઝી બને છે. પાની તે ઈલ્મ છે, હિકમત છે અને નૂર છે. આના સબબ અલવી ઝમીનમાં મુમેનીન અને તેમના આઅમાલ ઉગે છે. આ અલવી મુમેનીનના સબબ આ જહાનમાં તમામની રોઝી જારી છે. આ તમામ હકીકત રૌશન હોવાના બાવુજૂદ લોગો હક્કના સાહેબના ખિલાફ બીજા ગુમ્રાહ કરનાર ઈમામો અને ફિત્નો બરપા કરનાર બનાવટી આલિમોને ઊભા કરે છે.

૨૩) અને અગર તમેં, જે કઈ હમેં કિતાબની શિક્લમાં હમારા બંદા ઉપર ઉતારૂં, શકમાં હોવ તો તમેં લઈ આવો એક પણ સૂરત તેના મિસિલની અને અલ્લાહતઆલા સિવાય તમેં બોલાવો જેને તમેં હાઝિર કરવા ચાહતા હોવ. અગર તમેં સાચા હોવ તો આ મુજબ કરી શકશો. પણ હમેં જાણીએ છીએ તમારા હાલાતને. હમારી કિતાબ અને તેની સૂરતો જેવી એક પણ ચીઝ લાવવી તમારી કુદરત અને જુર્રતને બાહર છે. જેટલાને હાઝિર કરવા તમેં ચાહો તેટલાને બોલાવો મગર હમારા કુરઆનના નઝદીક તમામના સર નિગૂં થઈ જાશે. તમામની અક્લ લાચાર થઈ જાશે.

અલ્લાહતઆલાએ કુરઆને કરીમને નાઝિલ ફરમાવા તે વક્ત રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ખિલાફ મક્કામાં કુરૈશના સરદારો હતા. આ કાફિરો પોતાના બુતોની ઈઝઝત સાચવવા અને પોતાના બુતપરસ્તીના મઝહબને સાચો ઠહેરાવવા નબી સાહેબ સાથે આખિરમાં આખિર હુજ્જત-દલીલ કરતા. તેઓ અરબી ઝબાનમાં હુશિયાર, ફસીહો બલીગ અને ઉંડા ઉતરેલા હતા. મગર નબી સાહેબ જે વક્ત આપની ઝબાને મુબારકથી કુરઆને કરીમની આયતોની તિલાવત કરતા અને કાફિરોના જૂઠા દીનની હકીકતો પૈશ કરતા તો તમામ દંગ અને લાકલામ થઈ જાતા. આ આયતમાં ચેલેન્જ છે કે, **"અય કાફિરો! તમને તમારી ઝબાન પર ગુરૂર છે, તો જાવ લઈ આવો આ કુરઆનના જેવી એક સૂરતને. સૂરત જો ના લાવી શક્તા હોવ તો ફક્ત એક આયત જ લઈ આવો."**

કેયામત તક કોઈ ઈન્સાનના બસની વાત નથી કે, આ ઈલાહી કલામ સામે કોઈ બીજો કલામ લાવી શકે. બાતિની માઅનામાં કુરઆન તે અમીરૂલ મુમેનીન મૌ. અલી (અ.સ.) અને આપની આલે અત્હર છે. આપની શાનને મિસિલ આ જહાનમાં કોઈ હોઈ જ ના શકે. આપની આલના સબબ જ આજે દુનિયામાં કુરઆને કરીમની અસલી તાઅલીમાત ઝિંદા છે. આપને ના માનનાર કાફિરો લાખ કોશિશ કરે મગર આપનો દરજો અને આપનો હક્ક કોઈ વક્ત મિટનાર નથી. ✯

(પેજ નં. ૬ નું બાકી)

આ જહાનમાં જેમ જેમ તખ્લીક આગલ વધી તેમ તેમ મૌજૂદાતના મરતબા કાઈમ થયા. **આ અક્લ એક છે અને તેના પછી "બે" ની ગિન્તી શુરૂ થઈ.** સબબ કે, આ એકનો વુજૂદ જો ગિન્તી માંથી નિકાલવામાં આવે તો બાકીની ગિન્તીની માઅના રહે જ નહીં અને જો તેનો સરીહન ઈન્કાર કરવામાં આવે તો આ જહાનની મૌજૂદાતની ગિન્તી ઈબ્તેદામાં જ અટકી જાય. તેથી આ એકની સિફત અને પહેચાન સાહેબે શરીઅતે અક્લની, અલિફની અને કલમની કીધેલી છે. તે ઝાત એક છે મગર ઘણી સિફતોથી ઓલખાય છે. તેથી અલ્લાહતઆલા તેની પહેલી મૌજૂદાત "મબ્દએ અવ્વલ" ને વુજૂદમાં લાવો જેથી તે ખુદ તમામ સિફતોથી આઝાદ રહે, બરી રહે, મુનઝઝહ રહે. ✯

**પડોશીઓ સાથે બહેતર તઅલ્લુકાત રાખવા, રોઝીનો એક સબબ છે.**

# અલ-અકાઈદુલ અલવીયહ - કિસ્ત-૧૩
## અલવી અકીદાઓ - અકીદો - ૨૦ અને ૨૧

**મુકદ્દેમો-પ્રસ્તાવનાઃ**

હમારી તૈયેબી-અલવી દાઅવતના નિઝામમાં આલી મકામ હક્કના ઈમામને મરકઝીયત હાસિલ છે. ઈમામે હક્ક, શરીઅતના દાયરાને દરમિયાનનું નુક્તું છે, સેન્ટર છે કે, જેના તરફ આપની રૂહાની હુકૂમત અને નૂરાની મમ્લેકતના તમામ મુમેનીન મુખ્લેસીન પોતાના દીનો-દુનિયાના નાના-મોટા હર ઊમૂરને પૈશ કરે છે. જેમ એક વરસમાં ૧૨ મહીના હોય છે, હર મહીનામાં ૪ અઠવાડીયા હોય છે, હર અઠવાડીયામાં ૭ દિન હોય છે અને હર દિનમાં ૨૪ કલાક હોય છે, તેમ આ જ નિઝામ પર દાઅવતે હક્કમાં, આ નિઝામે રૂહાની તેની જગા પર કાઈમ જ છે.

હર ઈમામે મુસ્તકરના ઝમાનમાં આપના બાબ, હુજ્જત, દાઈએ બલાગ, દાઈએ મહેસૂર, દાઈએ મુત્લક, માઝૂને મુત્લક અને હુદૂદ-ફોઝલાનો નિઝામ અલગ-અલગ જઝીરામાં કાઈમ હોય છે. હરએક પોતાના દરજા મુજબ દાઅવતની ખિદમત અને ઝિમ્મેદારી બજા લાવે છે. દાઅવતે હક્કની ખિદમતમાં હર કદમ પર દુશ્વારી હોય છે. **ઈમ્તેહાનનો વક્ત આવા કરે છે, જૌરો સિતમનો ઝમાનો આવા કરે છે, ઝુલ્મો જફાનો દૌર આવા કરે છે અને દુશમનોનો ગલબો થાયા કરે છે.** મિસિરમાં આ જ તરહની સૂરત પૈશ આવી કે, ૨૧ માં ફાતેમી ઈમામ, મૌ. અબુલ કાસિમ અત્તૈયેબ (અ.સ.) પડદે થયા, જહાનવાલાઓની નઝરથી સતરમાં ચાલા ગયા, તે વક્ત ઈમામી સૂરજને ગ્રહણ લાગું.

૨૦ માં ઈમામ મૌ. આમિર (અ.સ.) ના ફરમાનથી અને તે પહેલા ૧૮ માં ઈમામ મૌ. મુસ્તનસિર બિલ્લાહ (અ.સ.) ના હુકમે આલીથી યમનના જઝીરામાં દાઅવતે ઈસ્માઈલીયહ તૈયેબીયહ કાઈમ થઈ ચુકેલી હતી. દોઆતની તરબીયતો તાઅલીમ હુજ્જતે ઉઝમા, યમનના મલેકહ મૌલાતોના અલ-ફાઝેલહ અલ-આલેમહ હુર્રહ (આ.કુ.) ના હાથ પર થઈ ચુકી હતી. ૫૨૮ હિ. માં ઈમામી ઈસ્તેતાર થાવાના સબબ ઈમામી ફરમાનથી યમનમાં દોઆતનો સિલસિલો જારી થયો. હુજ્જતે મુકર્રમહ મૌ. હુર્રહ (આ.કુ.) એ ૫૩૨ હિ. માં આપના ઈન્તેકાલ પહેલા ઈમામે હક્કના નાઈબ, દાઅવતે તૈયેબીયહના નિગેહબાન, સૈયેદના ઝોએબ બિન સૈ. મૂસા (આ.કુ.) ને **ઈત્લાકની ગાદી પર ચાઅની દાઈએ મુત્લક મુકર્રર કીધા.**

ઈમામતના રૂત્બાને ગ્રહણ લાગા બાદ ઈમામના મરકઝે આલી તરફથી અકીદાના અસલો ઊસૂલ અને કુરઆની તફસીરો તાવીલના બયાનાત અને તે વાસ્તેની ખાસ કિતાબો શાયેઅ અને સાદિર થાતી બંધ થઈ ગઈ. બીજી તરફ એવું બનું કે, યમનમાં દાઅવતે ફાતેમીયહનું મરકઝ બના બાદ, સૈ. ઝોએબ બિન સૈ. મૂસા અલ-વાદેઈ, સૈ. યાહ્યા બિન સૈ. લમક બિન માલિક અલ-હામેદી, સૈ. ઈબ્રાહીમ બિન સૈ. હુસૈન અલ-હામેદી, સૈ. મોહંમદ બિન તાહેર અલ-હારેસી (આ.કુ.) અને તે બાદના દોઆતે મુત્લેકીને આ ઈલ્મી ખિદમતનો બેડો પોતાના સરોકાંધા પર લઈ લીધો. ઝુહૂરે ઈમામના વક્તમાં જે ઈલ્મી ખિદમતો દોઆતે બલાગે આપી હતી, તે જ મુજબ યમનના આ દોઆતે મુત્લકીને ફાતેમી-તૈયેબી ઈલ્મની નશ્રો ઈશાઅતની ગિરાઁકદ્ર મહેનત-મશક્કત બરદાશ્ત કીધી. યમન, હિંદ અને સિંધના જઝીરામાં દાઅવતે હક્કની બુનિયાદને મઝબૂત બનાવવામાં તેઓ કામિયાબ અને ઝફરયાબ થયા.

દોઆતે ઝુહૂર અને દોઆતે સતરના **ઈલ્મી કારનામા અને ઈલ્મી ખિદમતો** કે, જેમાં મુખ્તલિફ તાઅલીમની શાખોની કિતાબો લખવી, તેને તરતીબ આપવી, તેને સહી તરઝો તરીકાથી પૈશ કરવી, અલગ-અલગ ઈલાકાઓમાં (બકીયાહ પેજ નં. ૬ ૫૨)

**મુમેનીનના મિલવાથી ખુશીનો ઈઝહાર કરવો, રોઝીનો એક સબબ છે.**

(પેજ નં. ૫ નું બાકી)

લોગોની ઝબાન મુજબ તેને ફેલાવવી, આ તમામમાં ફરક હતો. આ ખિદમતો ફક્ત કિતાબો પુરતી ન હતી, મગર ઈલ્મના ઊંચા તબકાના સાહેબોની બલંદ મહેફિલો, આકિલોની બહેસ-આપસી ગુફ્તગૂની ઝાતી બેઠકો, ગૈર-અકીદાના લોગો સાથે હુજ્જત કાઈમ કરવા ઈમામે પસંદ કીધેલા આલિમો દરમિયાન થાતી આમ મજલિસો તેમજ સાદા-ફહેમ અને આમ-ઝહેન રાખનાર રઈયતના લોગોને વાસ્તે આમ-ખુલ્લી મજલિસો પણ થાતી હતી.

**અકીદો ૨૦ : મબ્દઉલ મૌજૂદાત તે અલ્લાહતઆલાની પૈદાશુદા ચીઝોમાં પહેલી છે અને તે મખ્લૂક કામિલ અક્લ છે.**

અલ્લાહતઆલાએ અક્લને પૈદા કીધી જે એક મખ્લૂક કહેવાય અને તે તમામ મખ્લૂકાતમાં પહેલી છે. આ અક્લ કામિલ છે જેના સાથે તમામ તાઅરીફો-સિફતોને જોડી દીધી કે, જે સિફતો ઈન્સાનના દિલો દિમાગમાં આવી શકે છે. અલ્લાહતઆલા સિફતોથી બરી છે, આઝાદ છે. જો અલ્લાહ-ખાલિક સાથે અક્લ-મખ્લૂકની સિફ્તોને જોડી દેવામાં આવે તો મોટી ખામી પૈદા થઈ જાય, કેમકે ખાલિક અને મખ્લૂક એક ન હોઈ શકે. બલકે, મખ્લૂકની આ તમામ સિફ્તોના સબબ ખાલિકની કમાલીયતનું યકીન થાય છે અને ખાલિક ખુદ આ સિફતોથી બરી છે, તેની દલીલ પણ સાબિત થાય છે. ખાલિકનું નૂરે કમાલ કોઈ વક્ત ઓલવાતું નથી અને તેનો દરિયાએ જલાલ કોઈ વક્ત સુકાતો નથી.

અલ્લાહતઆલાની મખ્લૂકાત માંથી અક્લ પહેલી છે અને છેલ્લા તક રહેનારી છે. તે હંમેશાથી પહેલી ન હતી પણ તે એક હાલત પર બાકી રહેશે, બદલાશે નહીં. તેએ જે વક્ત અલ્લાહ-ખાલિકની માઅરેફત કીધી તો એક જ હતી અને મખ્લૂકાત માંથી તેની મિસાલનું કોઈ ન હતું. બીજાના તમામ ઊમૂર કરતા આ અક્લ અફઝલ છે. પાઁચે હવાસ-અહેસાસાતથી ઈન્સાન તેના ઝુહૂરને જોઈ શકે છે અને અલ્લાહતઆલાના કરમના સબબ જે ઈન્સાન અક્લવાલો-આકિલ બને છે તેનામાં આ અક્લના વુજૂદને જોઈ શકે છે. **આકિલના અક્લની તાઅબીર અને તાઅરીફ કોઈ અલ્ફાઝથી કરી શકાતી નથી.** બલકે, તેનો અકીદો મુમિનને પોતાના દિલ-ઝમીરમાં રાખવો જોઈએ અને તેના પર યકીન રાખવું જોઈએ જેથી ખુદાઈના દાઅવાથી બચી શકાય.

**અકીદો ૨૧ : મબ્દએ અવ્વલ યા મૌજૂદે અવ્વલ જેને અલ્લાહતઆલાની તખ્લીકનો પહેલો કહેવાય, તે એક જ છે.**

અક્લ એક મખ્લૂક હોવાના સબબ કામિલ અને તમામ તો નથી જ પણ ખુદ તેની ઝાતમાં અલ્લાહતઆલાની માઅરેફતના સબબ કામિલ અને તમામ છે. કોઈ તેના હમસર યા બરાબર હોતો તો કમાલીયત અને તમામીયત બે થી વધારે હિસ્સામાં યા જણામાં તકસીમ થઈ જાતી. જો આમ થાતું તો અલ્લાહતઆલાના કામમાં નુક્સ પૈદા થઈ જાતો. યાઅની કે, અપનો અકીદો એ છે કે, મબ્દએ અવ્લ યા મૌજૂદે અવ્વલ એક જ છે, તમામ છે, કામિલ છે, બાકી છે, ઈન્તેહા-છેડા બગૈરના છે. તમામ મૌજૂદાત તેનાથી નિસ્બત રાખે છે, તે તમામથી પહેલા હોવાથી શરફમાં આઅલા હોવાથી, તમામ તેના મોહતાજ અને સહારો લેનાર છે.

જે શખ્સ આનો ઈન્કાર કરે છે તેને સમઝવું જોઈએ કે, ઝિંદગી અને દુનિયામાં વુજૂદનો સરચશ્મો આ અક્લ છે. તે અક્લથી દૂર અને વેગલો થઈ શકશે નહીં. અક્લ બગૈર તેની સમઝમાં કઈ જ નહીં આવે. નાકામી અને પછતાવા સિવાય તેને કઈ જ હાથ નહીં લાગે. મૌજૂદે અવ્વલ યાઅની અક્લ એક ચીઝ છે જેને વુજૂદમાં લાવનાર હક્કતઆલા છે જેને કોઈ પણ ચીઝનું નામ આપી શકાય નહીં. કેમકે, તે હર ચીઝને પૈદા કરનાર છે. તે જ એકલો છે કે, તમામ ચીઝોના પહેલા હતો અને તેનાથી તમામ ચીઝોની તરતીબ અને પૈદાઈશ શુરૂ થઈ છે.

(બકીયાહ પેજ નં. ૪ ૫૨)

**ઘરમાં પકાવેલું જમન જમવું, રોઝીનો એક સબબ છે.**

## મૌ. ઈબ્રાહીમ ખલીલુલ્લાહ (અ.સ.) અને આપના બૈરો - કિસ્ત ૧

જે વક્ત અલ્લાહતઆલાએ મૌ. ઈબ્રાહીમ નબીને નિમરૂદ બિન કિન્આન (લા.અ.) ની આગથી બચાવા અને લૂત નબી સાથે કેટલાક લોગો આપના ઉપર ઈમાન લાવા તે વક્ત આપ અને આપના સાથે જેટલા ઈમાનદારો હતા તેઓએ ઈત્તેફાક એ વાત પર કીધો કે, "હવે! અપને તમામ આ કાફિર કૌમ સાથે નારહેવું જોઈએ. હિજરત કરીને કોઈ બીજી જગા આબાદ કરવી જોઈએ. અપનું યહાઁ કુફ્ર-શિર્કના માહૌલમાં દમ ઘુંટે છે અને અપને તમામ કાફિરોની ઈઝાસી બેઝાર અને તંગ આવી ગયા છે."

અલ્લાહતઆલા પોતાના કલામે મુબીનમાં સૂરતુલ મુમ્તહેનામાં ફરમાવે છે કે, મૌ. ઈબ્રાહીમ નબી સાથે જે મુમેનીન હતા તેઓએ પોતાની કાફિર કૌમને કહ્યું કે, તમેં જે બુતોંને પૂજો છો, તેને તમારા ખુદા માનો છો તેથી હમેં બેઝાર છીએ, નારાઝ છીએ. **હમારા દરમિયાન અને તમારા દરમિયાન હમેશા દુશ્મની અને અદાવત છે જહાઁ તક તમેં તમારી હાલત પર રહેશો.** હમેં તમને હમારા તે વક્ત સમઝીએ જે વક્ત તમેં અલ્લાહતઆલાની તૌહીદનો ઈકરાર કરો અને તેને એક માનો.

મૌ. ઈબ્રાહીમ નબીએ આપના સાથે મૌ. લૂત નબીને લીધા અને અલ્લાહની રાહમાં હિજરત કીધી અને મૌ. સાર્હ સાથે આપે શાદી કીધી. થોડા વક્ત તક આપ હર્રાનમાં રહ્યા તે બાદ મૌ. સાર્હ સાથે હર્રાનને છોડીને મિસિર પધારા. તે વક્ત મિસિર પર ફિરઔન બાદશાહ સિનાન બિન ઉન્વાનનું રાજ હતું. અલ્લાહતઆલાએ મૌ. સાર્હને ખૂબ રૂપાલા કીધા હતા મગર આપના ખાવંદ મૌ. ઈબ્રાહીમ નબીની ઈતાઅત અને ખિદમત એક પલ પણ મુકતા ન હતા. લોગો આપના હુસ્નો જમાલની મિસાલ આપતા હતા મગર આપના શૌહરની ખુશી વાસ્તે મહેનત પર મહેનત ઉઠાવતા હતા, એક લફ્ઝ ઉફ તરીકે બોલતા ન હતા.

રિવાયત કરનાર બયાન કરે છે કે, મૌ. ઈબ્રાહીમ નબીની ખબર કોઈએ જબ્બાર બાદશાહને આપી એમ કહીને કે, **"મિસિરમાં એક મરદે મુસાફિર આવા છે અને તેના સાથે એક ઘણા ખૂબસૂરત બૈરો પણ છે. આલમમાં શાયદ ઘણા કમ બૈરોની એ મુજબની ખૂબસૂરતી હશે."** જબ્બાર બાદશાહએ આ વાત ઘણા લોગોથી સાંભલી અને આખિર હુકમ કીધો કે, તે મરદે મુસાફિરને દરબારમાં બોલાવવામાં આવે. મૌ. ઈબ્રાહીમ નબી બાદશાહ પાસે આવા, તો તેએ પૂછ્યું કે, તમેં મુસાફિર બનીને મારી મમ્લેકતમાં આવા છો તો તમારા સાથે જે બૈરો છે, તેની તમારાથી શું નિસ્બત છે?

મૌ. ઈબ્રાહીમ નબીએ ખયાલ કીધો કે, જો હું મારી અને મારા બૈરોની સચ્ચાઈ આ જબ્બારને કહીશ અને તેને માઅલૂમ પડશે કે, હમેં મરદ-બૈરો છે તો શાયદ તે મને કૈદ કરી લેશે યા મને કત્લ કરી દેશે. સાર્હ પર તે બદબખ્ત કબ્ઝો જમાવી દેશે. તે વાસ્તે આપે મૌ. સાર્હ સાથેનો રિશ્તો છુપાવવા એમ કહ્યું કે, **"તે બૈરો તો મારા બહેન છે."** આપે એમ નિય્યતથી આ જવાબ આપો હતો કે, મૌ. સાર્હ દીન અને ઈમાનની રાહથી આપના બહેન છે. જબ્બાર બાદશાહએ કહ્યું કે, તમારા બહેનને મારા પાસે મોકલી આપો જેથી હું તેના જમાલની તહેસીન કરૂં.

મૌ. ઈબ્રાહીમ નબી ઘર પર પધારા અને આપના બૈરોને તમામ ચીઝથી આગાહ કીધા અને બાદશાહના બુલાવાથી ખબરદાર કીધા. કહ્યું કે, "બાદશાહને એમ ખબર છે કે, તમેં મારા બહેન છો અને તે અલ્લાહના કિતાબના હુકમ મુતાબિક સહી છે, દાઅવતની ખિદમતના રૂએ તમેં મારા બહેન છો. આ જ વાત તમેં તમારી ઝબાન પર લાવજો અને એવું કોઈ કામ ના કરજો કે જેથી બાદશાહના દિલમાં શક પૈદા થાય."

(બકીયાહ પેજ નં. ૨ ૫૨)

**સાથે બેસીને એક થાલમાં જમન જમવું, રોઝીનો એક સબબ છે.**

## લફ્ઝી કશ-મ-કશ

| | | | | |
|---|---|---|---|---|
| | | ૧ | | |
| | ૨ | | ૩ | |
| ૪ | | X | ૫ | |
| | ૬ | ૭ | | |
| | | | | |

**✵ ઉભી તરકીબ :**

૧) ખૈર તે ખૈર જ છે. કોઈના કોઈ વક્ત તેની ઝિક્ર કરવામાં આવશે. તેને _______ કરવામાં આવશે. (૨)

૨) ધોકેબાઝી, ચાલબાઝી, _______ બાઝી. (૩)

૩) અલ્લાહતઆલાની મરઝી, મશીયત, હિકમત અને ફેસલામાં _______ કરવું નામુમ્કિન છે. (૩)

૭) કોઈ મુસીબત કે ગમ ના હોવો તે સુખ નથી. મગર _______ શખ્સ તે છે કે, જે દિનભર મહેનત કરે અને હલાલ રોઝી જમીને રાતે ચૈનથી સુઈ જાય. (૨)

**✵ આડી તરકીબ :**

૨) નૂરાની આલમમાં મૌ. અલી (અ.સ.) હર જગા છે. આપ અલ્લાહતઆલાની કરિશ્માઈના મઝહર છે. લેહાઝા, હમેં "યા અલી _______" કહીએ છીએ. (૩)

૪) ડર, ખૌફ, બેકલી. (૨)

૫) _______ વાત કરનાર શખ્સ કોઈને પસંદ આવતો નથી. હક્ક કડવો હોય છે અને હક્ક કહેનાર પણ કડવો લાગે છે. (૨)

૬) _______ ની ઝિમ્મેદારી એ હોય છે કે, આસમાનથી ખાલિકનો પૈગામ ઝમીન પર મખ્લૂક તરફ પહોંચાવે. તે સાહેબ મખ્લૂકમાં આઅલામાં આઅલા હોય છે. (૩)

**ગયા શુમારાના લફ્ઝી કશ-મ-કશનો ખુલાસો :-**

| | | | | |
|---|---|---|---|---|
| | | ખે | | |
| | ય | તી | મ | |
| તા | ઝી | X | તી | સ |
| | દ | ફ | ન | |
| | | ના | | |

**નોંધ :** કારેઈનને ઈલ્તેમાસ છે કે, લફ્ઝી કશ-મ-કશ ના જવાબો લખી હમારા એડ્રેસ પર રબીઉલ આખર મહીનાની ૧૦ તારીખ પહેલા પોતાના મોબાઈલ નંબર સાથે મોકલી આપે. સહી જવાબ આપનાર મુમેનીનનો ડ્રો કરવામાં આવશે અને જે નસીબદાર ભાઈનું નામ ખુલશે તેનું નામ ઝાહિર કરવામાં આવશે. ☆

**ખાસ તવજ્જોહ:** મિશ્કાતુલ હાદી દીની અખ્બારમાં આ કોલમ લફ્ઝી કશ-મ-કશ ઘણા વક્તથી ચાલે છે. તેમાં અલ્ફાઝને ગોઠવીને જવાબો આપવાના હોય છે. ઘણી વાર મુશ્કિલ હોય છે, તો ઘણા આસાન પણ હોય છે. કારેઈન પોતાની ઝહેની તાકત અને સુલાહીયત મુજબ જવાબો તલાશ કરવામાં મહેનત કરે છે અને કામિયાબ થાય છે. તવજ્જોહ એ ચીઝનો કે, આ કોલમમાં સવાલો ફક્ત સવાલો જ નથી હોતા. જે પઢનાર ગૌરથી સવાલો પઢે છે તેને ખબર હોય છે કે, અક્સર સવાલોમાં અપની તારીખ, અકીદા અને રસ્મો રિવાજનું રેફેરન્સ હોય છે. સવાલનો શું જવાબ આવે તે એક જુદી બિના છે મગર સવાલ વાંચીને પણ ઘણું બધું જાણી શકાય છે. લેહાઝા, કારેઈન સવાલોને દિલચસ્પીથી પઢે અને જવાબો ઢુંઢવાની બહેતર કોશિશ કરે. ☆

## મદદે દાઈયુઝ્ઝમાન (ત.ઉ.શ.)

સુરૂરે કલ્બો જિગર હે યારોં, યહીં હે આરામે જાઁ હમારા,  
ઈન્હીં કે ફૈઝો કરમ સે યારોં, હુવા હે યે ગુલસિતાઁ હમારા,  
યે ઈલ્તેજા હે હરએક બશર કી, તું સુન લે દોનોં જહાનવાલે,  
ઈન્હેં તું મહેફૂઝ રખના હર દમ, યહીં હે કૌમી નિશાઁ હમારા. ☆

**ઘરમાં અહલુલ બૈત (અ.સ.) ની ઝિક્ર કરવી, રોઝીનો એક સબબ છે.**

# ઈબરતનાક અહાદીસે બની ઈસરાઈલ – બની ઈસરાઈલની સબકઆમોઝ કહાનીઓ
## કિસ્ત - ૪૯

**અલ્લાહતઆલાના અંબિયા (અ.સ.) ના સોહબતી-પડોશી જન્નતી છે.**

**મૌ. દાઊદ નબીની ઝિક્રે ખૈર**

મૌ. દાઊદ નબી (અ.સ.) ઈમામુલ વક્ત હતા. મિલ્લતે હક્કના સરદાર હતા. આપના દાઈઓ અને હુજ્જતો આપના તાબએ ફરમાન હતા. ગોયા કે, દાઊદ નબીની ખિદમત અને દાઅવત વાસ્તે જ અલ્લાહતઆલાએ તેઓને ઝિંદગી બખ્શી હોય. યાઅની કે, દાઅવતની નશરો ઈશાઅત વાસ્તે મુસખ્ખર હતા. આ સાથે આ સઘલા, દાઅવતના મુમેનીનને ઈલ્મી અને નફસાની ફાયદો હાસિલ કરવા વાસ્તે મદદ કરતા. દાઅવતની હર મોહિમમાં આપના સાથે રહેતા અને તસ્બીહ કરતા.

કિતાબમાં ઝાહિરી બયાન એમ આવું છે કે, જે વક્ત આપ મહેરાબમાં ઝબૂરની તિલાવત કરતા હતા તે વક્ત પહાડો, પત્થરો, પરિંદાઓ, જંગલના જાનવરો અને દરખ્તો આપના સાથે લહેને દાઊદી સાંભલીને તસ્બીહ કરવામાં તલ્લીન અને મશ્ગૂલ થઈ જાતા હતા. આપના શીરીન આવાઝમાં એ તાસીર હતી કે, ચારે તરફથી ફરિશ્તાઓ સુબ્બૂહુન કુદૂસનો આવાઝ બલંદ કરતા હતા અને સઘલા આપના સાથે તિલાવતે ઝબૂર કરતા હતા. દૌરે મોહંમદીમાં સૈયેદુર્રાકેઈના વસ સાજેદીન મૌ. ઈમામ અલી ઝૈનુલ આબેદીન (અ.સ.) ના સહીફએ સજ્જાદીયહ, દાઊદી ઝબૂરના મિસિલ છે, મુશાબેહ છે. આપ ઈમામ પણ જે વક્ત સહીફા માંથી દોઆ પઢતા તે વક્ત ચો-તરફથી સુબ્બૂહુન કુદૂસનો આવાઝ બલંદ થાતો. દાઊદી મુનાજાત અને સહીફએ સજ્જાદીયહમાં ઈસ્મુલ્લાહિલ આઅઝમ છે. હર મુમિનને આ સહીફા પઢતા રહેવું જોઈએ.

અલ્લાહતઆલાએ મૌ. દાઊદ નબીને બકતર(બખ્તર) બનાવવાની તાઅલીમ આપી હતી. બનું એમ કે, મૌ. દાઊદ પોતાનો હુલીયો અને લિબાસ બદલીને આપની હુકૂમતની ઝમીનમાં લોગોના ટોલાઓમાં જઈને એક દિન પૂછ્યું કે, શું દાઊદ નૈક અખ્લાકના છે કે બદ-કિરદારના? તે ટોલા માંથી એક શખ્સ બોલો કે, દાઊદ ઘણા ખૈર છે પણ કબાહત એ છે કે, એ બયતુલ માલથી પોતાનો ગુઝારો કરે છે. **પોતાના હાથે મહેનત-મશક્કત કરીને, હુનરમંદીથી કામ કરીને રોઝી કમાતા નથી.**

આ સાંભલીને મૌ. દાઊદ ઘણા જ મુતઅસ્સિર થયા અને આપની મહેરાબમાં જઈને ઘણી તઝર્રોઅ અને નિય્યતે સાદેકહથી મુનાજાત કરવા લાગા, ખૂબ રોયા અને ઈલ્તેજા કીધી કે, “અય મારા રબ! તું મને કોઈ હુનર બતાવ કે જેથી હું  કસ્બે હલાલ કરી શકું અને મારી મહેનતથી મારો ગુઝારો કરી શકું.” આપની દોઆ મુસ્તજાબ થઈ અને અલ્લાહતઆલાએ આપના હાથમાં એ કરમાત બખ્શી કે, આપ લોખંડને મોમ કરી શક્તા હતા. તેને નરમ કરીને કોઈ પણ સાંચામાં ઢાલી શક્તા હતા. આપની આ ખાસીયતના સબબ આપ બકતર બનાવતા શીખા અને તેનાથી આપનો ગુઝારો થાવા લાગો. **બયતુલ માલમાં જે આપનો હક્ક હતો તે પણ આપે લેવાનો બંધ કરી દીધો.**

મૌ. અલી સાહેબે ઝુલ્ફિકાર (અ.સ.) ફરમાવે છે કે, દાઊદ નબી ઝિરહ-બકતર સાથે ખજૂરીની ઝંબીલો બનાવતા હતા. આપ ખુદ તેને વહેચવા બાઝારમાં જાતા ન હતા પણ કોઈ એતેબારવાલા શખ્સને સોંપતા હતા કે, જે બાઝારમાં જઈને તેને ફરોખ્ત કરે. તે ઝંબીલોના ઝરીએ જે કઈ કીમત આવતી તેમાંથી અડધું તે ખાદિમને આપતા અને બાકીનું અડધું આપ આપના પાસે રાખતા હતા. આ તરહ હાથ કમાઈથી મહેનત કરીને આપનો ગુઝારો કરતા હતા.

(બકીયાહ પેજ નં. ૧૦ પર)

**કોઈ રાઝને રાઝ રાખવો, મોટી સઆદત છે.**

(પેજ નં. ૯ નું બાકી)

**કિસ્સો**

મૌ. દાઊદ નબીએ અલ્લાહતઆલાની હઝરતે રબ્બાનીયહમાં દોઆ કીધી કે, અય મારા રબ! જન્નતમાં મારો પડોશી, હમસાયા, હમદમ કૌન છે? મને તેનાથી ખબરદાર કર કે, હું તેની મુલાકાતથી મુશર્રફ થઈ શકું! ઈરશાદે રબ્બાની થયો કે, "અય દાઊદ! તમેં બાઝારમાં જઈને જોવ." આપ બાઝારમાં ગયા અને એક નિહાયત ઝઈફ શખ્સને જોયા જે **લાકડીઓના ભારાને પોતાના ખભા ઉપર** ઉઠાવીને ચાલી રહ્યા હતા. તે પુકારી રહ્યા હતા કે, પાકીઝા-હલાલ ચીઝને કોઈ પાકીઝા-હલાલ ચીઝથી ખરીદનાર છે? ઘણા વક્ત તક તે આ તરહ બુમો પાડતા રહ્યા. એવામાં એક શખ્સ કે, જેના હાથમાં જવની એક રોટલી હતી તેએ ઝઈફના હાથમાં રોટલી મુકી અને લાકડીઓનો ભારો માંગો. ઝઈફ થાકેલા હતા, લેહાઝા રોટલી લઈ લીધી અને ભારો આપી દીધો.

તે ઝઈફે રોટલીના ત્રણ ટુકડા કીધા. તેમાંથી એક ટુકડો સદકો કરી દીધો. મૌ. દાઊદની નઝરમાં ઝઈફની ઈઝઝત વધી ગઈ. ઝઈફ બાઝાર માંથી બાહર જાવા લાગા તો આપ પણ તેના પાછલ-પાછલ ચાલવા લાગા. તે ઝઈફ તાલાબના નઝદીક ગયા અને રોટલીનો બીજો હિસ્સો મચ્છીઓ વાસ્તે પાનીમાં ફેંકી દીધો. ફૌરન મચ્છીઓ તેને જમી ગઈ, ગોયા કે તે ઝઈફના ઈન્તેઝારમાં હોય. **ઝઈફ ખુદ આખિરી ટુકડો જમા** અને બોલા કે, અલ્લાહતઆલા વાસ્તે હમ્દો સના કે, જેએ મને જમવાનું આપું. અગર એ ચાહતો તો મને ભુખો રાખતો. પછી ઝઈફે પાની પીધું અને અલ-હમ્દો લિલ્લાહ કહ્યું. તમામ હમ્દો સના અલ્લાહ વાસ્તે કે જેએ મને પાની પિવડાવું, અગર એ ચાહતો તો મને પ્યાસો રાખતો.

દાઊદ નબી તે ઝઈફના નઝદીક પધારા, સલામ અરઝ કીધો અને પૂછ્યું કે, અય શૈખ! તમેં કેટલા વક્તથી યહાઁ છો અને તમેં આ અમલ કરો છો તેને કેટલો અરસો થયો? જવાબમાં કહ્યું કે, અય અલ્લાહના નૈક બંદા! યૂનુસ નબીના ઝમાનથી છું. આપે પૂછ્યું કે, તમેં તમારા જમવાનો કયા તૌરથી ઈન્તેઝામ કરો છો? કહ્યું કે, અય નૈક બંદા! હર મહીનાના શુરૂમાં હું લાકડીઓનો એક ભારો પહાડ પરથી ઉઠાવીને લાઉં છું અને તેને બાઝારમાં વહેચું છું, જે કઈ એવઝ મને મિલે છે તેના ત્રણ હિસ્સા કરૂં છું. તેમાંથી બે હિસ્સા મખ્લૂકને આપી દઊં છું અને જે બાકી રહે છે તે હું ખુદ જમી જાઉં છું. જમા બાદ એક ચુલ્લું પાનીનું પી લઉં છું અને મારા રબનો હમ્દ અને તાઅરીફ કરૂં છું. પછી પૂરો મહીનો હું કઈ જ ખાતો-પીતો નથી. આ તરહ હું સાલ- ભર ૧ ૨ મરતબા જ જમું છું. આમ મારી ઝિંદગીનો ગુઝારો ચાલે છે.

દાઊદ નબીએ તે ઝઈફને પૂછ્યું કે, તમારી આ મુજબની તરઝે ઝિંદગી મને ઘણી પસંદ છે, શું હું તમારી સોહબત ઈખ્તિયાર કરી શકું છું? ઝઈફ બોલા કે, આ તમારી મરઝીની વાત છે પણ આ મારો અમલ તમારા વાસ્તે એટલો આસાન નથી. આપે કહ્યું કે, બેશક! ખૂબ ભારી અમલ છે. હું જાણું છું પણ મારી મરઝી એવી છે કે, હું પૂરી ઝિંદગી તમારા સાથે રહેવા માંગું છું. ઝઈફે જવાબમાં કહ્યું કે, **"અય બંદએ ખુદા! જે શખ્સ મખ્લૂકના સહારે રહે છે તો અલ્લાહતઆલા તેને પોતાની રહેમતથી દૂર કરી દે છે."** તમેં ચાલા જાવ. હું જાણું છું કે, આપ દાઊદ છો. આપ અલ્લાહના નબી છો. જન્નતમાં હું આપનો પડોશી-હમસાયા છું. અપની સોહબત જન્નતમાં લખેલી છે. આટલું કહીને તે ઝઈફ શખ્સ ગાઈબ થઈ ગયા.

થોડા અય્યામ પછી મૌ. દાઊદ એક પહાડ પર ઈબાદત વાસ્તે ગયા. આપે તે જગા એક મોટી ગુફાને જોઈ કે જેમાં ૪૦ ઈબાદતગુઝાર ઝિક્રે ખુદા કરી રહ્યા હતા. પોતાના અમલમાં ખૂબ મશ્ગૂલ હતા. આપ ગુફામાં ગયા, તમામ પર સલામ પઢા અને ખામોશીથી બેસી ગયા. વક્ત ગુઝરતો ગયો. યહાઁ તક, તેઓએ મગરિબની ઈબાદત કીધી અને તમામ બેસી ગયા. તેમાંથી એક શખ્સ મોટી રોટલી અને પાનીથી ભરેલો એક કૂઝો લાવો. ૪૦ લોગો માંથી ૧૦

(બકીયાહ પેજ નં. ૧ ૧ પર)

**કોઈ બેબસ દિલને સુકૂનો કરાર આપવો, મોટી સઆદત છે.**

(પેજ નં. ૧૦ નું બાકી)

જણા તે રોટલી માંથી પેટ ભરીને જમા અને ખૂબ પાની પીધું. આપે જોયું કે, રોટલી એવી ને એવી જ છે અને કૂઝામાં પાની પણ કમ નથી થયું. તે પછી બીજા દસ-દસ ઈબાદતગુઝારોનો ગિરોહ એક બાદ બીજા પેટ ભરીને રોટલી જમતા ગયા અને કૂઝા માંથી પાની પીતા ગયા. ચાલીસે ચાલીસ જણા જમવાથી-પીવાથી ફારિગ થઈ ગયા, **તેના બાવુજૂદ રોટલી અને પાની તેના હાલ પર સહીહો સલામત.** ના રોટલી કમ થઈ ના પાની કમ થયું. મૌ. દાઊદે પૂછ્યું કે, અય સાહેબો! તમેં કેટલા વક્તથી આ ગુફામાં ઈબાદત કરો છો? તેમાંથી જે તમામ કરતા બુઝુર્ગા હતા તેમને જવાબ આપો કે, અય બંદએ ખુદા! હમેં આ તરહ મસરૂફે ઈબાદત ૨૬૦ સાલથી છે. આ રોટલી અને પાનીનો કૂઝો તમેં જે જોવ છો તે જ હમારૂં જમન છે.

જે વક્ત જમનનો વક્ત થાય છે તો હમારા માંથી એક ભાઈ આ ગુફાને બાહર નિકલે છે અને એક મુકર્રર જગા પર કોઈ ગૈબથી આવીને તાઝી રોટલી અને એક કૂઝો મુકી જાય છે. હમારા તમામની ભુખ-પ્યાસ આનાથી મિટી જાય છે અને આ નેઅમત પાછી ગાઈબ થઈ જાય છે. આ સાંભલીને આપ હૈરાનીમાં પડી ગયા. આપને ખૂબ ભુખ લાગી હતી, આપે કહ્યું, અય ભાઈઓ! શું હું આમાંથી જમી શકું છું? તમામે ઈજાઝત આપી અને જે વક્ત આપ જમી રહ્યા તો આપે જોયું કે, **રોટલી જે પહેલા જેવી હતી તેમ થઈ ગઈ છે અને પાની પણ કૂઝામાં ભરાઈ આવું છે.** વાહ રે! કરામતે ઈબાદત. આપે ઈબાદતગુઝારને નઝદીક ઈલ્તેજા કીધી કે, શું હું તમારા સાથે આ ગુફામાં રહી શકું છું? તેઓએ જવાબ આપો કે, હમને ખબર છે કે, આપ દાઊદ છો. અલ્લાહના નબી છો. આપ આ ગુફામાં નહીં પણ હમેં જન્નતમાં આપના હમસાયા છે. આપ હવે યહાઁથી રૂખ્સત લો, કેમકે જેટલો વક્ત હમેં આપના સાથે ગુફતગૂ કરીશું તેટલો વક્ત હમેં ઝિક્રે ખુદા વાસ્તે ખોઈ દઈશું.

આ મુજબના બે કિસ્સા મૌ. દાઊદ નબીની ઝિંદગીમાં ગુઝરા છે. જે લોગો આ મિસિલ હક્કતઆલાની ઈબાદતમાં મશગૂલ રહે છે તેને આખેરતમાં નબીઓનો ઝુમ્રો હાસિલ થાય છે. આ દુનિયાથી ગુઝરનાર મુમેનીન જે ઈખ્લાસથી પોતાની ઝિંદગીમાં ઈબાદત કરી ગયા હોય છે, તેઓની મગફેરતની દોઆમાં ખાસ કરીને આ કલામ પઢવામાં આવે છે. ✯

## ઈન્સાનનું જિસ્મ – અપની ઝબાન

રોશન અક્લ અને સાફ ઝમીરસી તમેં વિચાર કરસો તો પહેલામાં પહેલા તમને આ દુનિયા નઝર આવસે અને તમને માઅલૂમ થાસે કે, આ પૂરી દુનિયા અંધારા, અદાવત, નુકસાન, ગુનાહ અને નાઈત્તેફાકીસી ભરેલીચ. તે હિવી જગા છે, જેમાં ચોર, ઉચક્કા, હરામખોર, ધોકેબાઝ, મક્કાર, લુંટેરા, ઠગ, નશેબાઝ, જૂઠા, ગુંડાઓ, ઝાલિમ, ઘમંડી, લાલચું, મતલબી, બેશરમ વગૈરહ લોગોએ ઘર બનાવુંચ. તેઓ દુનિયામાં રોઝ ગુનાહોનું એક નવું સંદૂક તૈયાર કરી રહ્યાચ. આ દુનિયામાં આઅલામાં આઅલા ચીઝ તે ઈન્સાન છે જો એના કદમ ખૈર પર હોય અને જો શર પર હોય તો આ જ ઈન્સાન એક મહોટી આફત અને આંધી છે.

ઈન્સાન બે ભાગમાં તકસીમ થયેલોચ. એક ભાગ અંદરૂની બાતિન છે અને બીજો ભાગ બાહરી ઝાહિર છે. અંદરનો પોશીદા ભાગ એ એનો જાન છે અને ઝાહિરમાં ખુલ્લું તે એનું જિસ્મ છે. જિસ્મની કૈફીયત હિવી છે કે, તે બીમારી અને કમ્ઝોરી પર બનેલુંચ. જેમ એક જાનવર હોઈચ અને તેનું જિસ્મ હોઈચ અને તેનું આ દુનિયામાં આવવું અને જાવું ઈમાનના રૂએ કોઈ માઅના રાખતું નથી, તેમ ઈન્સાનનું જિસ્મ છે. જો ઈન્સાનના જાનની કીમત અને એહમીયત ના હોત, તો એ એક અદના જાનવર સિવાય બીજું કઈ ના હોત. જાનના સાથે શરીઅત જોડાઈ ગઈ તો જિસ્મ હિસાબમાં આવું. પન આખિર તો જાન તે જાન છે, મઝબૂતી પર છે અને જિસ્મ તે જિસ્મ છે, જે કમ્ઝોરી પર છે.

આ જિસ્મમાં સઘલા કરતા વધારે અંધારૂં છે અને સઘલા કરતાં વધારે ગંધાતું, બુરૂં, પોકલ અને સઘલાસી વધીને આફતનું ઘર છે. તમેં જોવ છો કે, જે જિસ્મનો આ દુનિયામાં કોઈ આધાર નથી તેના વાસ્તે ઈન્સાન પૂરી દુનિયા

(બકીયાહ પેજ નં. ૧૪ પર)

**કોઈને અમલે ખૈર તરફ દાઅવત આપવી, મોટી સઆદત છે.**

## મીલાદે મયમૂન અને શાદી ખાના-આબાદી

મીલાદ હે, મીલાદ હે, મીલાદ હે, મીલાદ,
હર મુમિનોં કો આએં હૈં તૈયેબ ઈમામ યાદ,
મીલાદ કી ઈસ બઝમ મેં શાદી ભી હે શામિલ,
મૌલા કી દોઆ સે રહે દાઅવત કા ચમન શાદ.

-----

અલ્લાહતઆલા કુરઆને કરીમમાં ફરમાવે છે કે, "હમેં ઈમામે હક્કમાં હર ચીઝને સમાવી લીધી છે." દુનિયા અને આખેરતના બધા જ ઊમૂરનું સેન્ટર ઝમાનાના ઈમામ હોય છે. આપના જ સબબ અલ્લાહતઆલા તરફ પહોંચી શકાય છે. ઈમામનો હર હુકમ, રસમ અને સુન્નત, હક્ક અને ઈન્સાફ પર મબ્ની હોય છે. આપની મીલાદ અને યાદમાં તમામ બીજા સાહેબોની મીલાદની ખુશીઓ સમાયેલી હોય છે. મિસિરમાં અઈમ્મતે ફાતેમીયીન (અ.સ.) ના ઝર્રીન દૌરમાં એવા ઘણા મૌકાઓ આવેલા છે કે, **મીલાદે ઈમામની ખુશીઓમાં અને તેની મજલિસે મસર્રત** માં ઈમામી દાલાન અને ફાતેમી ઘરાનાના શાઝાદાઓની સુન્નેત ખતાનત, બયઅત અને શાદી-અક્દખ્વાનીની શાદમાની શરીક કરી દેવામાં આવતી હતી. આ મુજબ ફાતેમી મજલિસો, જશ્ન, જુલૂસ, ઈત્આમુત્તઆમ અને મુબારકબાદીની રસ્મ અય્યામો તક ચાલતી હતી.

મરહૂમ મુકદ્દસ સૈ. તૈયેબ ઝિયાઉદ્દીન સાહેબ (આ.કુ.) ના ૫ શાઅબાન ૧૪૩૬ હિ. ના દિન ઈન્તેકાલ બાદ, આ દૌરે હાતિમીના બાબરકત સાલોં દરમિયાન ગુલિસ્તાને તૈયેબી અને બુસ્તાને હાતિમીમાં શાદી, દિલશાદી અને ખાના-ખુશહાલીનો પહેલો મુબારક અવસર રૂનુમા થયેલો છે. રબીઉલ અવ્વલની ૮ મી તારીખે **આકા મૌલા સૈ. હાતિમ ઝકીયુદ્દીન સાહેબ (ત.ઉ.શ.) ની ૬૩ મી મીલાદ** અને રબીઉલ આખરની ૪ થી તારીખે **ઈમામુઝ્ઝમાન મૌ. ઈમામ તૈયેબ (અ.સ.) ની ૯૧૮ મી મીલાદ** ની ઝિક્ર અને ફરહત સાથે આકા મૌલાના કબીર ફરઝંદ શાહઝાદા ભાઈસાહેબ સઈદુલ ખૈર ભાઈ (ઝા. ઈ.) ની નિકાહખ્વાની, દાઅવતે હાદીયહ અલવીયહના મરતબાઓ માંથી **"ઈઝન" (માઝૂન)** ના દરજએ મુબારકહ પર શાહઝાદાનો તકર્રૂર અને આકા મૌલાનું તે પર ફાઈઝ કરવું, મુકાસિર મૌલા સૈ. મોહંમદ નુરૂદ્દીન સાહેબ (દા.મ.) ના બીજા ફરઝંદ સુદૈર ભાઈસાહેબની બયઅત-મીસાકે ઈમામુઝ્ઝમાન (અ.સ.) ના યાદગાર અને તારીખી મૌકાઓને અલ્લાહતઆલાએ દબિસ્તાને ફાતેમીમાં મિસ્લે ગુલ ખિલાવેલા છે.

આકા મૌલા સૈયેદના સાહેબ (ત.ઉ.શ.) ની દિલી ઉમ્મીદ અને નિય્યતે સાદેકહ તો એમ જ હતી કે, પોતાના નૂરે નઝર, ફરઝંદે અન્વરની અક્દખ્વાની જમાઅતના મુમેનીન-મુમેનાત દરમિયાન પૂરી ફાતેમી અઝમતો જલાલતથી થાય, જેમાં હર અદનાઓ આઅલા શાદીના જશ્નો જુલૂસમાં શિરકત કરે અને તમામે તમામ ઈત્આમુત્તઆમની બરકતથી એક સાથે મસર્રતનું જમન જમે અને જમાઅતમાં ખુશી-ખુર્રમી નમૂદાર થાય. મગર હાલમાં કોરોનાની વબા અને મરઝના ડરના માહૌલમાં અપના મુજબ જશ્ન-જમન કરવું મુશ્કિલ અને ગૈર-વક્તી છે. દાઅવતે શરીફહના અરાકીનની આખિર તક એ જ તદબીર રહેશે કે, આ સુનેહરા મૌકા પર દાઅવતની શાન સચવાય અને મુમેનીન આમાં કઈ તરહ શરીક થઈ શકે તે વાસ્તે કોઈ હીલો-રસ્તો નિકાલાય. આ વાસ્તે મુમેનીનને તમામ અખ્બારથી આગાહ કરવામાં આવશે.

(બકીયાહ પેજ નં. ૧૬ પર)

**ખુદાના હમ્દો શુક્ર સાથે જો દિન શુરૂ થયો હશે તો પૂરા દિન કામ કરવામાં ઉમંગ રહેશે.**

## દરસે લિસાને દાઅવત

### رسول الله نو مدينه ما آوو

رسول الله صلى الله عليه وآله وسلم جه وقت هجرت دوران مدينه نا قريب غميم موضع پر پهنچا انے آپنا آووانی خبر مدينه نا لوگو نے تهئ ته وقت سگلا آپنا استقبال واسطے مدينه شهر نی حد نے باهر نكلا۔ روايت ما ايم بيان چھے كه، ايک مرد خالص بريده ابن حصيب پوتانا قبيله نا ٧٠ستير شخصو نے لئينے نبی صاحب نا سامے آوينے اوبهارهيا۔ نبی صاحب يه پوچھو كه، تميں كون چھو؟ ميں بريده چھوں انے سهم قبيله ما تهی چھوں۔ مهلرا آ ساتهيو نے لئينے آوو چھوں۔

بريده يه پوچھو كه، آپ صاحب فضل انے نورانی چهره والا كون چھو؟ نبی صاحب يه فرمايو كه، هوں محمد بن عبد الله بن عبد المطلب، الله نا بنده انے رسول چھوں۔ ته وقت بريده گھوڑا پر تهی نيچا اوترا انے آپنا قدم چومی ليدا انے بآواز بلند كلمت الشهادت پڑهو۔ الله انے الله نا رسول نو دل وجان تهی اقرار كيدو۔ كهيو پوتانا ساتهيو نے كه، "اے برادرو! آجے اپنے دنيا نی دولت ملی گئی۔ آجے اپنا واسطے خدا نی رحمتو نا دروازه كھولی گيا۔ آ صاحب محمد اپنا واسطے جنت نی خوشخبری لئينے آوا چھے۔ هوے اپنی زندگی نی منزل آ صاحب نی خدمت چھے۔" تمام يه اقرار كيدو انے دين اسلام سی مشرف تهيا۔

"اے نبی الله آپنی شان هوے هملرا هاته ما چھے۔ آپنی عظمت ته هماری عزت چھے۔ آپ مدينه شهر ما نشان- پرچم بغير داخل تهاو ته بجا نتهی۔ صاحب نبوت نی شان ووقار تو تهما چھے كه، ايک بهتر پرچم ساتھے مدينه ما آپنی داخلی تهائی۔" بريده يه پوتانی پاگھڑی كھولی انے تهنا كپڑا نے بهالا اوپر باندهينے ايک عمده نشان بناوو۔ نبی صاحب ته جوئی نے خوش تهئی گيا۔

نبی صاحب يه كهيو كه، "اے بريده! تميں انے تهملرا ساتهيو يهاں مهلرا ساتھے ٹهرو۔ آ موضع تهی همنے مدينه جاوانو چھے، مگر هوں مهلرا علی نو منتظر چھوں۔ مهلرا علی همنا مكه ما چھے۔ ته مهلرا وصی انے مهلرا يلريدين چھے۔ تهنا بغير مدينه ما داخلی ناممكن چھے۔ هر ايک چيز نو دروازه هوئی چھے، تو مهلرا دروازه مهلرا علی چھے۔ علی نے آووا دو، تو هميں سگلا مدينه ساتھے جئيسو۔"

جدی جدی منزلو پر تياں نا قبيله والاو يه خوب نبی صاحب نی خدمت كيدی۔ تهوڑا ايام آ موجب گنرا كه، علی المرتضى چند لوگو نے لئينے پدهلرا۔ نبی صاحب نی خوشی نو كوئی پار نه رهيو۔ آپ يه علی نے گلے لگاوی ديدا۔ آپنی پيشانی چومی ليدی۔ بريده يه جه وقت آ منظر جويو تو آنكهو ما تهی آنسو جاری تهئی گيا۔ تهنا هاته ما جه پرچم هتو ته مولی علی نا هاته ما آپی ديدو۔ آپ علمبردار بنی نے آگل چالوا لاگا انے آ طرح رسول الله باواجی نی مدينه طرف كوچ تهئی۔

**રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) નું મદીનામાં આવવું**

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) જે વક્ત હિજરત દૌરાન મદીનાના કરીબ ગમીમ મૌઝેઅ-જગા પર પહોંચા અને આપના આવવાની ખબર મદીનાના લોગોને થઈ તે વક્ત સઘલા આપના ઈસ્તિકબાલ વાસ્તે મદીના શહેરની હદને બાહર નિકલા. રિવાયતમાં એમ બયાન છે કે, એક મરદે ખાલિસ બુરીદહ બિન હુસૈબ પોતાના કબીલાના ૭૦ શખ્સોને

(બકીયાહ પેજ નં. ૧૪ પર)

**દુનિયાના આ દરખ્તના હિસ્સા તો તમામ હોય છે મગર ઘણા કમ તેમાં ફલ-ફૂલ બને છે.**

(પેજ નં. ૧૩ નું બાકી)

લઈને નબી સાહેબના સામે આવીને ઊભા રહ્યા. નબી સાહેબે પૂછ્યું કે, તમેં કૌન છો? મૈં બુરીદહ છું અને સહેમ કબીલા માંથી છું. મારા આ સાથીઓને લઈને આવો છું.

બુરીદહએ પૂછ્યું કે, આપ સાહેબે ફઝલ અને નૂરાની ચહેરાવાલા કૌન છો? નબી સાહેબે ફરમાવું કે, હું મોહંમદ બિન અબ્દિલ્લાહ બિન અબ્દિલ મુત્તલિબ, અલ્લાહના બંદા અને રસૂલ છું. તે વક્ત બુરીદહ ઘોડા પરથી નીચે ઉતરા અને આપના કદમ ચુમી લીધા અને બાઆવાઝે બલંદ કલેમતુશ શહાદત પઢો. અલ્લાહ અને અલ્લાહના રસૂલનો દિલો જાનથી ઈકરાર કીધો. કહ્યું પોતાના સાથીઓને કે, "અય બિરાદરો! આજે અપને દુનિયાની દૌલત મિલી ગઈ. આજે અપના વાસ્તે ખુદાની રહેમતોના દરવાઝા ખુલી ગયા. આ સાહેબ મોહંમદ અપના વાસ્તે જન્નતની ખુશખબરી લઈને આવા છે. હવે અપની ઝિંદગીની મંઝિલ આ સાહેબની ખિદમત છે." તમામે ઈકરાર કીધો અને દીને ઈસ્લામથી મુશર્રફ થયા.

અય નબીયલ્લાહ! આપની શાન હવે હમારા હાથમાં છે. આપની અઝમત તે હમારી ઈઝ્ઝત છે. આપ મદીના શહેરમાં નિશાન-પરચમ બગૈર દાખિલ થાવ તે બજા નથી. સાહેબે નુબૂવતની શાનો વકાર તો તેમાં છે કે, એક બહેતર પરચમ સાથે મદીનામાં આપની દાખિલી થાય. બુરીદહએ પોતાની પાઘડી ખોલી અને તેના કપડાને ભાલા ઉપર બાંધીને એક ઉમ્દા નિશાન બનાવું. નબી સાહેબ તે જોઈને ખુશ થઈ ગયા.

નબી સાહેબે કહ્યું કે, "અય બુરીદહ! તમેં અને તમારા સાથીઓ યહાઁ મારા સાથે ઠહેરો. આ મૌઝેઅથી હમને મદીના તરફ જાવાનું છે. મગર હું મારા અલીનો મુન્તઝિર છું. મારા અલી હમણા મક્કામાં છે. તે મારા વસી અને મારા યારીદૈન છે. તેના બગૈર મદીનામાં દાખિલી નામુમ્કિન છે. હરએક ચીઝનો દરવાઝો હોય છે, તો મારા દરવાઝા મારા અલી છે. અલીને આવવા દો, તો હમેં સઘલા સાથે મદીના જઈશું."

જુદી-જુદી મંઝિલો પર ત્યાંના કબીલાવાલાઓએ ખૂબ નબી સાહેબની ખિદમત કીધી. થોડા અય્યામ આ મુજબ ગુઝરા કે, અલીયુલ મુરતઝા (અ.સ.) ચંદ લોગોને લઈને પધારા. નબી સાહેબની ખુશીનો કોઈ પાર ના રહ્યો. આપે અલીને ગલે લગાવી લીધા. આપની પૈશાની ચુમી લીધી. બુરીદહએ જે વક્ત આ મંઝર જોયા તો આંખોં માંથી આંસૂ જારી થઈ ગયા. તેના હાથમાં જે પરચમ હતો તે મૌ. અલીના હાથમાં આપી દીધો. આપ અલમબરદાર બનીને આગલ ચાલવા લાગા અને આ તરહ રસૂલુલ્લાહ બાવાજીની મદીના તરફ કૂચ થઈ.☆

---

(પેજ નં. ૧૧ નું બાકી)

ઈખટ્ટી કરેચ. દુનિયામાં કોઈ હિવી ચીઝ નથી કે જિસ્મને તેના હાલાત અને મજબૂરીસી હટાવી સકે. આ જિસ્મ ગરમીથી પિગલી જાઈચ, ઠંડીસી થીજી જાઈચ, લૂ લાગવાસી સેકઈ જાઈચ અને પાનીમાં ડૂબી જાઈચ, આગસી બલી જાઈચ, ઝહેરસી ફીકું થઈ જાઈચ અને જાદૂસી તેની હાલત ફિરી જાઈચ.

તે ઈટલું કમ્ઝોર છે કે, વહેશી જાનવરો તેને ફાડી ખાઈચ, સાપ-બીંછું તેને ડસી દેચ, નીચે પડી જાવાસી તે ઝખ્મી થઈ જાઈચ, સદમો થાવાસી તેના હાડકા તૂટી જાઈચ, તેનાથી મૌસમની શિદ્દત બરદાશ્ત થાતી નથી, તે તરહ-તરહના દર્દ, બીમારીઓ, દુઃખો, ઈઝાઓસી ઘેરાયેલુંચ. આ જિસ્મ દુનિયાના અસ્બાબસી અને વસ્તુઓસી બનેલુંચ, તેને દુનિયામાં રહેવાનુંચ અને મિટી જાવાનુંચ, **તેસી તે હર વક્ત દુનિયાની તબીઅતોમાં ફસાચેલું રહેચ.**

જાન વાર જોઈ છે કે, તે કિવારે આ જિસ્મસી અલગ થાય અને જિસ્મની ખૈરનું કામ લઈને તે જે જગા પરસી આવેલોચ તે જગા પાછો બા-સલામત ચાલો જાય. જે લોકોને છોડીને આવેલો તેને પાછો જઈને મિલી જાય. તે જાને છે

(બકીયાહ પેજ નં. ૧૫ પર)

**ઝમીન પર યા ઝમીનમાં પાનીના ભંડાર પડેલા છે પણ તેમાંથી ઘણા જ કમ પીવા લાયક હોય છે.**

## હમારે દાઈ

રસૂલ હી સે યે સિલસિલા હૈ,
હમારે દાઈ જુદા નહીં હૈ,
ઈમામી મસ્નદ પે જલ્વાઆરા,
કભી યે હક્ક સે જુદા નહીં હૈ.

અય મુમિનોં યે અલી કે દાઈ,
યે ઝુલફિકારે અલી કે માલિક,
ચલી હૈ જિબરીલ કે ભી પર પર,
હુવા હૈ ઝખ્મી બચા નહીં હૈ.

યે દાઈ ઉસ શાહે કરબલા કે,
કિયા હૈ તેગોં મેં જિસને સજદા,
જો ચઢકે નૈઝે કી નોંક પર ભી,
બલંદ હુવા હૈ ઝુકા નહીં હૈ.

હમારે તારીખ કે વરક કો,
અય મુમિનોં તુમ ઉઠા કે દેખો,
સતર કી આંધી ચલી હૈ લેકિન,
ચિરાગે દાઅવત બુઝા નહીં હૈ.

અલીં હૈં દાઈ જો હક્ક પે આકે,
લગા દી હક્ક પર હી જાઁ કી બાઝી,
જહાઁ મેં હક્ક બાત કેહનેવાલે,
કિસી કે આગે ઝુકા નહીં હૈ. ☆

## તિજારત


યા અલી મદદ

" વ્હોરા આલમમાં " ટોપી " નું રાજ, જાણે શોભે મસ્તકે તાજ "

**ભાઈસાહેબ ઈબ્રાહીમ**

**સરનામું :** વાડી બદરી મોહલ્લા નાકા, વડોદરા-૧૭.

**આવી રહેલા ઇબાદતના મહિનાઓની તૈયારી રૂપે અમારે ત્યાં મનપસંદ ડીઝાઇનોમાં દરેક પ્રકારની ટોપીઓ મળશે.**

**સમય : સાંજે ૫ થી ૮ / મો.: ૯૪૨૭૮૪૧૧૨૩** ☆

**ફેન્સી અને મેચીંગ દુપટ્ટા સેન્ટર**

**" ઝૈબાઈશ "**

બી-૧૨, ગાયકવાડ પ્લાઝા, અલ્માસ માર્કેટ સામે, પાણીગેટ, વડોદરા.

**નઝીરઅલી ભાઇસાહેબ - મો.: ૯૯૭૪૧૫૭૫૬૬** ☆

**હજારીવાલા મોબાઇલ**

અદનાન - ૯૭૧૪૪૩૦૩૧૯
અબ્બાસ - ૯૭૧૪૪૩૦૩૧૪

**દરેક જાતના મોબાઇલ સેલ્સ અને રીપેરીંગ તથા R.T.O. નું ઓનલાઇન કામ કરી આપવામાં આવશે.**

નૂરાની મસ્જીદ સામે, બદરી મોહલ્લા નાકા, વાડી ટાવર, વડોદરા. ☆

**એ-વન બ્યુટી પાર્લર**

**આઇબ્રો, ફેશીયલ, બ્લીચ, હેર કલર, હેર સ્પા, ક્લીન અપ, બોડી મસાજ, હેર મસાજ, નોર્મલ મેકઅપ, હેર સ્મુથીંગ, હાઇલાઇટ, બ્રાઇડલ મેકઅપ, મેની ક્યોર, પેડી ક્યોર.**

૬, અલી ચેમ્બર નં. ૧, તૈયબી મસ્જીદ પાછળ, રામપાર્ક, આજવા રોડ, વડોદરા.

**સકીનાબેન - મો.: ૮૧૬૦૯૦૫૦૮૦** ☆


(પેજ નં. ૧૪ નું બાકી)

કે તેનું આ જિસ્મ એક હાલત પર રહેવાવાલું નથી. આજે કઈ છે તો કાલે કઈ બીજું જ હસે. આ જિસ્મ મુખ્તલિફ ચીઝોનું મિક્ષ્ચર છે, મિલાવટો છે. જે મિઝાજ તેનો આજે હસે તે શાયદ કાલે ના પન હોય. **તો જાન ચાહે છે કે, જિસ્મનો ખાતેમો ખૈરીયત પર થાય** કે, તે તેના જિસ્મમાં અલ્લાહતઆલાની ઈનાયતસી અને તેની રઝાસી પાછો આવીને મિલી સકે અને નજાતની સીડી ચઢી સકે. નહીં તો, ઈન્સાનને જાનવરમાં તબદીલ થાતા કોઈ રોકી સકે ઈમ નથી અને તે વાસ્તે કોઈ નુસ્ખો કે રસ્તો બનો જ નથી. ☆

**ઝમીનની પીઠ પર પત્થરો તો ઘણા છે મગર ઘણા કમ તેમાંથી હીરો-નગીનો બને છે.**

(પેજ નં. ૧૨ નું બાકી)

દાઅવતે શરીફહમાં કૈફો સુરૂરના મૌકાઓના બાદ ફૌરન જમાઅતના મુમેનીનના ઘરોમાં રબીઉલ આખર, જુમાદીયુલ ઊલા અને જુમાદીયુલ ઉખ્રાના મહીનામાં નિકાહ-શાદીના ખુશ અવસરો ઈમામુઝ્ઝમાન (અ.સ.) ની ઈનાયત અને દાઈયુઝ્ઝમાન (ત.ઉ.શ.) ની રઝા મુબારકથી હક્કતઆલાએ નમૂદાર ફરમાવેલા છે. પોતાના ફરઝંદ-દુખ્તરની શાદી કરનાર તમામ વાલેદૈન-વાલીઓની એક મજમૂઈ મિટીંગ સફરૂલ મુઝફ્ફર મહીનાના પહેલા હફ્તામાં મુરત્તબ કરવામાં આવી હતી. જેમાં મુકાસિર મૌલાએ તમામા હાઝેરીનને **બીમારીના હમણાના કશીદા હાલાતને મદ્દે નઝર રાખીને શાદીની રૂસુમાત,** જમન, ઈઝન, કાર્ડ, મહેમાનો, નિકાહની મજલિસ, ઘરેલું રસમો, વહેવાનને લગતી ખાસ ઝરૂરી હિદાયતો આપી હતી. તફસીલવાર શાદીના ઘરના મુતઅલ્લિક તમામ ગોશાઓ અને પહેલુઓ પર ગુફતગૂ કરવામાં આવી હતી. મુમેનીન-મુખ્લેસીનથી ઈલ્તેમાસ છે કે, ખૂબ સંજીદગીથી ઝરૂરીયાત મુજબ, હાલાત જેમ દલાલત કરે તેમ, શાદીના ખરચાઓ અને જમન કરે. હુકૂમત તરફથી જે તરહ ઈજાઝત આપવામાં આવી હોય તે મુજબ તમામ બંદોબસ્ત કરે. અલ્લાહતઆલા દાઈની દોઆથી મુમેનીનની મુશ્કિલને આસાન કરે, બીમારી-વબાને દફઅ કરે અને શાદીના મૌકાઓને ખુશી-ખુશી ઈખ્તેતામ કરે.

-----

દુલ્હા-દુલ્હન કે વાસ્તે ફરહત કા સબબ હે,
બુલવાના રિશ્તેદારોં કો ઈસકી યે અદબ હે,
અરમાન થા બરસોં કા જો પૂરા હુવા હે આજ,
ડૂબી હુઈ શાદી કી ખુશીયોં મેં યે શબ હે.

અઝીમ દૈન હે ખુદા કી બેટીયાઁ હોના,
કે જૈસે ચાઁદ કા તારોં કે દરમિયાઁ હોના,
વો ઘર સે પૂછો જહાઁ બેટીયાઁ નહીં હોતી,
બગૈર ફૂલ કે ગુલશન મેં ડાલીયાઁ હોના.

-----

ગુલશને બઝમે મસર્રત કે હૈં મૌલા બાગબાન,
કિશ્તીએ દીને મોહંમદ કે હૈં મૌલા પાસ્બાન,
હર ખુશી કા હે સબબ દીદાર મૌલા આપકા,
ગર ખુશી હો યે ઝમીં ઉસકે હૈં મૌલા આસ્માન. ✯

## હો કે ન હો

રો લે ગમે હુસૈન મેં કલ હો કે ન હો,
ફિર તુઝસે કોઈ નૈક અમલ હો કે ન હો,
ઈસ રોને કો મત ટાલ તું આઈંદા કલ,
ક્યા જાનીએ જો આજ હે કલ હો કે ન હો. ✯

**નોંધ : મિશકાતુલ-હાદી** ના માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ અહલુલબૈત (અ.સ.) ના નૌહાઓની અને મરસીયાઓની **CD** મુલ્લાં ઈબ્રાહીમ ટી. બરોડાવાલા પાસેથી કારેઈન હાસિલ કરી શકે છે. ✯

**અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.**

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**₹ ૧૦૦/-**
શહરૂલ્લાહમાં વાજેબાતની અદાયેગી વક્તે આપવું.
મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષવાલાના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.